સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

પઢે ચલો, બઢે ચલો
RASHTRIYA MADHYAMIK SHIKSHA ABHIYAN

**Email Id :bnsdeo@gmail.com** **Phone No: 02742- 257055**

ક્રમાંક:મા.વિ.૪/સ્કો/૨૦૧૮/ ૬૧૯૮૬ - ૬૨૨૮૬ તા.૧૫/૦૯/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તેમજ બિન સરકારી મા.અને ઉ.મા
શાળાઓ તમામ,બનાસકાંઠા

**વિષય:–નેશનલ સ્કીમ ઓફ ઈન્સેન્ટિવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન (શિષ્યવૃતિ યોજના) લાભાર્થીઓની અરજીઓ ઓનલાઈન વેરીફિકેશન કરીને મોકલી આપવા બાબત..**

સંદર્ભ:– ૧.નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,ગાંધીનગરના પત્રક્રમાંક :હ–૨/સ્કો/૨૦૧૮/૨૩૨૬–૬૦ તા.૧૨/૦૯/૨૦૧૮
૨.અત્રેની કચેરીના પત્રક્રમાંક:મા.વિ.૪/NSIGSE/૨૦૧૮–૧૯/૧૩૯૩૨–૧૪૪૩૨ તા.૨૨/૦૫/૨૦૧૮ અન્વયે.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્ર–૧ **નેશનલ સ્કીમ ઓફ ઈન્સેન્ટિવ ટુ ગર્લ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન (શિષ્યવૃતિ યોજના)**હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ ના શિષ્યવૃતિના ડેટા મોકલવા માટે આપની શાળાઓના વિધાર્થીઓની અરજીઓ ભારત સરકારશ્રીના નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવામાં આવેલ હતી.

જે અન્વયે આપની શાળાઓ તરફથી પેન્ડિંગ અરજીઓ વેરીફાય કરવાની બાકી હતી તે વેરીફાય કરવા સુચના ઉકત સંદર્ભ.૨ થી આપવામાં આવેલ હતી. અને તેની છેલ્લી મુદત તા.૨૫/૦૫/૨૦૧૮ હતી. તે મુદત પુરી થવાથી પોર્ટલ ઉપર આ કામગીરી બંધ કરવામાં આવેલ હતી.

આપની શાળામાં અરજીઓ વેરીફાઈ કરવાની બાકી હોય તો તે કામગીરી તા.૨૫/૦૯/૨૦૧૮ સુધીમાં પુર્ણ કરવા માટે જણાવવામાં આવે છે. આપની શાળાની અરજી વેરીફાય કરવાની બાકી રહી જશે અને તેના કારણે કોઈ વિધાર્થીને શિષ્યવૃતિ નો લાભ નહી મળે તો તેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેથી આ બાબતને અગત્યની ટોચ અગ્રતા આપશો.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર